| | |
|---|---|
| રજુ તારીખ | ૧૮/૦૩/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (જે.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૧૬/૨૦૨૪**

**આંક–**

**ફરિયાદી:– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટરશ્રી,**
**અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી:– ૧) નેવીના ઈન્ફોટેક પ્રા.લી.**
**૨) રહીમ લાઘાણી (ડીરેકટરશ્રી)**
કેર ઓફ–નેવીના ઈન્ફોટેક પ્રા.લી.
ઠે. સી–૧૨૦૩, ધ ફસ્ટ, કેશવબાગ પાર્ટી પ્લોટની બાજુમાં,
વસ્ત્રાપુર, અમદાવાદ.

**ગુન્હો:–લઘુતમ વેતન અધિનિયમની કલમ ૨૨(એ) મુજબ.**

## –: ચૂ કા દો :–

**(૧)** સરકારી શ્રમ અધિકારી, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ફરીયાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ કરતા, અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનુ સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. ફરિયાદની હકીકત છે કે, આરોપીઓએ લઘુતમ વેતન ધારા અન્વયેના **ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી નિયમ ૨૬(ડી), ૨૬(૨), ૨૧(૪), ૨૧(૧)(i)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૨૨(એ) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** આરોપીઓને સમન્સ કરતા, તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. આરોપીઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછતા, આરોપીઓએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ રજૂ કરેલ છે. આરોપીઓએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં, તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીઓ પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી

નોંધવામાં આવેલ છે. જેમાં પણ આરોપીઓએ ગુન્હો કબુલ કરેલ છે.

**(૩)** આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આરોપીઓએ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળ જુદા જુદા નિયમોનો** ભંગ કરીને તે કાયદાની **કલમ ૨૨(એ)** મુજબનો ગુન્હો કરેલ છે. જયારે આરોપીઓ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈ નો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીઓની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર *ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## -: હુકમ ::-

**(૧)** **પ્રત્યેક** આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળના નિયમ- ૨૬(ડી), ૨૬(૨), ૨૧(૪), ૨૧(૧)(i)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને **પ્રત્યેક** આરોપીને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨,૦૦૦/-× **૪ નિયમ** × **૨ આરોપી** તેમ કુલ મળીને **રૂા.૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ હજાર પુરા)**ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** જો કોઈ આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરેલ છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વધવાણી)**
**CODE : GJ**01368
**ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટનં.૭, અમદાવાદ.**